


# વધાવીએ અષાઢી મેહુલિયાને

અષાઢી વાયરા વાયા સૈયર મોરી,
સખી ધરતીએ યૌવન લહેરાયાં
ગાજે ઘેરા મેઘરાજા અષાઢી સાંજે

મારી વ્હાલી વર્ષા તે કેટલી રાહ જોવડાવી! બળબળતા તાપ અને ઉનાળા પછી જ્યારે મોસમની પ્રથમ હેલી થઈ ત્યારે જાણે વેણીભાઈનું વર્ષાગીત યાદ આવી ગયું -

‘આંગણ આવી મેઘરાજની
ધમ્મક ઘૂઘરવેલ / હાંરેજી ધમ્મક
ઘૂઘરવેલ હરિયાળા થઈ હૈયા નાચે, રઢિયાળા
થઈ છૈયા નાચે, ઢેલને દેખી કાળજું થીણું,
મોરલો બોલે વનમાં ઝીણું.’

દરેક ઉંમરે વરસાદનો રેફરન્સ અલગ હોય છે. ગુજરાતી ભાષાએ ‘આવ રે વરસાદ ઘેબરિયો વરસાદ’ થી શરૂ કરીને કેટલાય કવિઓએ સુંદર વર્ષાગીતો આપ્યાં છે. મેઘની ધમ્મક ઘૂઘરવેલ આવતાં સર્વત્ર થઈ થઈકાર થયો. આકાશ અને ધરતીનાં મન નાચી ઊઠ્યાં- વાદળના પડદા આગળ વાદળી નાચી રહી છે. વાદળરૂપી પડદાઓ પડે છે, ઊપડે છે, અને વીજળીના નૃત્યને તાલ આપવા માટે ઝરણાંની ઝાંઝ વાગે છે, વાયુમાં ડોલી રહેલાં વૃક્ષો કરતાલ વગાડી રહ્યાં છે અને શતધારે વરસી રહેલ મેઘ પોતે જ જાણે શતસહસ્ત્ર તારનું વાજિંત્ર હોય એમ સતત બાજ્યા જ કરે છે.

વરસાદનું પોતાનું સંગીત હોય છે અને આ સંગીત દુનિયાનું બીજું કોઈ વાજિંત્ર વગાડી શકે એમ નથી, પવનનો પાવો, ઝરણાંની ઝાંઝ અને ઝાડવાની કરતાલ જાણે કોઈ સજાવેલાં રંગમંચ ઉપર મનહર અને મનભર દૃશ્ય ભજવાતું હોય એવો વર્ષાની પ્રથમ હેલીથી મનને અનુભવ થાય છે.

ઉનાળાના ધોમધખતા તાપથી વ્યાકુળ બનેલી ધરતી અષાઢી મેહુલિયાને ભેટવા તલસે છે. જગતનો તાત ધરતીપુત્ર કૃષક, અષાઢી વાદળની ચાતક નજરે રાહ જુએ છે.

અષાઢ તો કવિઓને કાવ્યરસમાં મસ્ત થવાનો, કૃષકોને કૃષિકર્મમાં રંગાવાનો, ભક્તોને ભક્તિરસમાં ભીંજાવાનો અને પ્રેમીઓને પ્રેમરસમાં તરબોળ બનવાનો મધુમાસ છે.

કવિની કલ્પના તો જુઓ...

‘અષાઢી વાયરા વાયા સૈયર મોરી
ઝગમગતી વીજળી વિલસે ગગન,
સખી ધરતીએ યૌવન લહેરાયાં
વન વનરાઈ જીવન છાઈ
લટ સમી વાદળી ચેતન લાઈ
ગાજે ઘેરા મેઘરાજ અષાઢી સાંજે... સખી
ધરતીએ યૌવન લહેરાયાં...’

અષાઢી આકાશના પહેલા વાદળને જોઈને શિવભક્ત મહાકવિ કાલિદાસની કવિતા ‘મેઘદૂત’નું સ્મરણ થાય. દેવોના આત્મસ્વરૂપ પર્વતરાજ હિમાલયના શિખર ઉપર આવેલી ભગવાન શિવની અલકાનગરી મનની આંખો આગળ તરવરી રહે. શિવજીની અલકાપુરીના કારભારી છે કુબેરભંડારી. એમનો એક સેવક હતો યક્ષ. યક્ષ એક વાર પોતાની ફરજ ચૂક્યો ને કુબેરે તેને પત્ની વિયોગનો એક વર્ષનો શ્રાપ આપી દીધો. શ્રાપ પ્રમાણે બિચારા યક્ષને પત્નીથી વિખૂટા પડી અલકાપુરી છોડીને દૂર દૂર દક્ષિણ ભારતના રામગીરી આશ્રમમાં નિવાસ કરવો પડ્યો.

અષાઢસ્ય પ્રથમ દિવસે, આકાશમાં ઘૂમરાતું અને પર્વતના શિખર ઉપર ઝઝૂંબતું પહેલું વાદળ જોઈને, વિરહી યક્ષને અલકાપુરીમાં વિરહિણી બનીને રહેતી પોતાની પ્રિયતમાનું સ્મરણ થયું. હૃદયમાં પ્રણયભાવ ઉત્તેજિત થયો, તેણે ફૂલોથી વાદળને વધાવ્યું, વિનંતી કરી કે... ‘હે મેઘ! કૃપા કરીને મારો સંદેશો અલકાપુરીમાં બેઠેલી મારી પ્રિયતમા પાસે લઈ જા’ આ રીતે યક્ષે વાદળને દૂત બનાવીને પોતાની પ્રાણપ્રિયાને પ્રેમસંદેશો મોકલ્યો, આ હૃદયસ્પર્શી વર્ણન કાલિદાસે મેઘદૂત કાવ્યમાં કર્યું છે. ‘મેઘદૂત તો અષાઢના માદક વાતાવરણમાં પ્રેમીના હૈયામાંથી પ્રગટેલી પ્રેમકવિતા છે, પ્રેમપત્ર છે. વધાવીએ અષાઢી મેહુલિયાને... અષાઢ એટલે મેઘરાજા ઈન્દ્રદેવ અને વર્ષારાણીના મિલનનું મહાપર્વ, ઈન્દ્રદેવ તો વર્ષારાણીના પ્રીતમ, ધરતીને આંગણે તેઓ પધાર્યા છે. તેનો આનંદ વ્યક્ત કરવા ધરતી હરિયાળી થાય છે. વૃક્ષો લહેરાઈ ઊઠે છે. ગુલમહોર લાલ લાલ ગુલછડીઓથી ઝૂમી ઊઠે છે. કરેણ પીળાં ફૂલોથી હાસ્ય વેરે છે. લતા-વેલીઓ વૃક્ષોને વીંટાઈને ભેટીને અષાઢી પ્રેમનો રોમાંચ માણે છે. વર્ષારાણીના વૈભવથી નર્મદા-ગંગા જેવી નદીઓ ગાંડીતુર બની પ્રિયતમ સાગરને ભેટવા દોટ મૂકે છે. આપણા ભગવતીકુમાર શર્માને વર્ષા પ્રત્યેની લાગણીનું વિવિધ રંગોનું, મેઘધનુષ્ય બનતું દેખાય કે

‘અઢી અક્ષરનું ચોમાસું ને, બે અક્ષરના અમે,
ખોટ પડી અડધા અક્ષરની પૂરી કરજો તમે.’

હર્ષદ ચંદારાણા વરસાદને વરસતાં જોઈ જાણે ખજાનો મળ્યો એવી કલ્પના કરે છે -

‘બરાબર એક સોનામહોર જેવો છાંટો છે,
ખજાનો એનો છલકાયો છે, વરસતું નાણું છે
વર્ષા’

વર્ષાની પહેલી ધારે પ્રિયજન-પ્રેમિકાના મિલનમાં મદમસ્ત બને જ બને..! રમેશ પારેખના શબ્દોમાં -

‘અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે...’

વર્ષાઋતુ મનભાવન ઋતુ છે. પ્રિયતમા પ્રિયતમનો સહવાસ ઈચ્છે છે. પ્રેમવિહોણી નાયિકા પતિને પ્રવાસે જતાં રોકે છે -

આભમાં ઝીણી ઝબુકે વીજળી...
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે--?

મીરાંને તો વરસતી વર્ષાધારામાં શ્રીકૃષ્ણનો અનુભવ થાય છે. ભક્તિશૃંગારની ઝાંય પ્રગટતી રહે છે.

‘બોલે ઝીણાં મોર, રાધે તારા ડુંગરિયા પર’
સુની મેં હરિ આવનકી આવાજ
બરસે બદરિયાં સાવનકી મન ભાવનકી’.

પ્રભુને પણ વર્ષાઋતુ પ્રિય છે, રાધાજી રિસાઈને અંદરથી ઘરનાં બારણાં બંધ કરી દે છે- પ્રભુ અંદર આવવા બારણાં ખખડાવે છે, પ્રભુ બહાર ઊભા ઊભા ભીંજાઈ રહ્યા છે -‘ઝીણાં ઝરમર વરસે મેઘ, પ્રભુ ભીંજાય બારણે રે લોલ,’

વરસતાં વરસાદમાં રાસ રમવા બોલાવી રહી છે.

‘વા વાયાને વાદળ ઊમટ્યાં, ગોકુળમાં ટહુક્યા
મોર,આવો સુંદર વર શામળિયા.

અષાઢી વૈભવ નિહાળવા ભગવાન જગન્નાથ પણ અષાઢી બીજે રથયાત્રા દ્વારા નગરવિહાર કરે છે. ગૃહિણીઓ માટે ચોમાસું એટલે થોડી મુશ્કેલીઓ, થોડી પરેશાનીઓ, થોડી ચિંતા ઉચાટની મોસમ, ઘરમાં વાછટથી પાણી ભરાય, ઉલેચવાનું, ભીનાં કપડાં લે-મૂક કરવાનું. સર્વત્ર જળબંબાકાર હોય તો બાળકોને સ્કૂલેથી લાવવાની ચિંતા, વરસાદના ભેજવાળા વાતાવરણમાં બાળકો અને વડીલો માંદા ન પડે તેના સ્વાસ્થ્યની જાળવણી રાખવાની જવાબદારી.

કાગડોળે જોવાતાં વરસાદની રાહ જોવામાં અચાનક ચોમાસું અમીછાંટણાંમાંથી અફરાતફરીના સ્ટેજ પર પહોંચ્યું છે, સર્વત્ર ભારે વરસાદથી હાહાકાર મચ્યો છે. જાણે પ્રકૃતિનું તાંડવ નૃત્ય જીવન માટે અમૃતસ્વરૂપ જળ વિષરૂપ બની ગયું છે. ભારે વરસાદને કારણે જાનમાલની ભારે હાનિ થઈ. ઘરોમાં, દુકાનોમાં પાણી ભરાયાં - વરસાદ રહી ગયો છતાં ખાડીના પાણી જે ફરી વળ્યાં છે તે નીકળ્યાં નથી. લોકો રડી ઊઠ્યા છે. કરોડોનું નુકસાન! બધાં ક્યારે પાછા બેઠાં થશે?

ખરેખર કપરી પ્રતીક્ષા પછી આવેલી વર્ષાની હેલીએ સમગ્ર સૃષ્ટિને એક બાજુ તાજગી અર્પી તો એક બાજુ વરસાદ તે તો કેવા કર્યા બેહાલ..!

‘આજ ગગન શું બાદલ છાયો રે
મેઘે મલ્હાર ગાયો રે ગાયો રે

મૂશળધાર મૂશળધાર વરસે પાણીડાંની ધાર
સરર સરર સન સન,આવો મેઘરાજ વગડાવ્યા
વાજા પી પી પોમ પોમપી પી પોમતે તો કર્યા સૌને
બેહાલ ઘરબાર ડૂબ્યાં, ગાડી ડૂબી સ્કૂટર ડૂબ્યાં,
પોતે તણાયાં સૌ કરે કકળાટ...
અંબાલાલની આગાહી પાછી ફરે પાછી ફરે....!

સૌથી વધારે મજા તો વરસાદમાં બાળકોને આવે છે. રેઈનકોટ અને છત્રીનો કાગડો થાય એ જોવાની મજા, પાણીમાં છબછબિયાં કરવાની, પાણીમાં હોડી બનાવીને તરવા મૂકવાની મજા જ મજા- રેઈનકોટ પહેરી સ્કૂલે જવાની અને ભીંજાવાની ખૂબ મજા આવે. વરસાદી ગીતો લલકારવાની મજા!

‘અમે ફોરાં વરસાદના ઝીલીએ રે- અમે પડતાં વરસાદમાં નાહીએ રે, અમે માટીના દહેરાં બનાવીએ રે, એમ દહેરાં બનાવીને ભાંગીએ રે.’ વર્ષાના અનુપમ સૌંદર્યનો આલોક નિરખાવતાં આપણા ફિલ્મી કવિઓ પણ કંઈ પાછળ રહી જાય એવા નથી, કેટલાંય ગીતો વરસાદમાં કાનમાં ગુંજ્યા કરે છે.

‘ઘોડે જૈસી ચાલ, હાથી જૈસી દૂમ, ઓ સાવન રાજા’, ઝીલમીલ - રીમઝીમ બરસતાં સાવન હોગા...’

તો વાચકમિત્રો...! મનભાવન વર્ષાની મજા માણો! સર્વત્ર આનંદ પ્રસરાવતી વર્ષા સૌને ગમે છે. જીવનદાયિની છે પણ કેટલીક વાર અતિવૃષ્ટિથી પાકનો નાશ કરીને અને નદીઓમાં વિનાશક પૂર લાવીને માનવજીવનને, પશુપક્ષીને, વૃક્ષોને અસ્તવ્યસ્ત કરતી વર્ષાઋતુ માનવી માટે પ્રલયંકર બની રહે છે. વર્ષા પ્રાણીમાત્રનો પ્રાણ છે, સૃષ્ટિનું સૌભાગ્ય છે. આવાં અષાઢી વર્ષાનાં આપણે વધામણાં કરીએ- જય જળદેવતા..!

## સુવર્ણરજ

ઘનઘોર ઘટા, ઘનઘોર ઘટા--!
લીલી લીલી રે લતા પર છાઈ રે ઘટા
દૂર દૂર દાદૂર, મયૂર, સૂર, ઉર તૃષાતુર
ઝંખે નયન... વર્ષાની ઝાંઝરી
વાગે રે ઝનન, ઝન, વાગે રે ઝનન,
ફાલ્યો વડલો ને ફાલ્યો પીપળો,
ફાલ્યું ફાલ્યું રે બાજરાનું ખેતર
સાવનને પગલે હો સાવન ને પગલે
થઈ રે- રંગીલી રેત-- ઝનનન

